1. નિશ્ચયવાદ વિચારધારા અને સંભવવાદ વિચારધારા વચ્ચેના તફાવતના બે મુદ્દા લખો.

| | નિશ્ચયવાદ વિચારધારા | સંભવવાદ વિચારધારા |
|---|---|---|
| 1 | માનવીની બધી જ ક્રિયાઓ પર્યાવરણ દ્વારા નિયંત્રિત થાય છે. | ક્યાંય કશી અનિવાર્યતા નથી, સર્વત્ર સંભાવનાઓ રહેલી છે. માનવ સંભાવનાઓનો સ્વામી છે. |
| 2 | માનવી ભૌતિક પરિબળોસમક્ષ નિષ્ક્રિય છે. | માનવી ભૌતિક પરિબળોમાં સર્વોપરી છે. પ્રકૃતિના ઉપયોગ બાબતનો નિર્ણય માનવીએ જ કરવાનો છે. |
| 3 | કાન્ટ, હમ્બોલ્ટ, રિટર, કુ. ઍલન, હંટિંગ્ટન વગેરે આ વિચારધારાના સમર્થક છે. | લુસિયન ફાવરે, પોલ વિડાલ-ડી -લા-બ્લાશ વગેરે આ વિચારધારાના સમર્થક છે. |

2. પ્રાકૃતિક પર્યાવરણ અને સાંસ્કૃતિક પર્યાવરણ વચ્ચેના તફાવતના બે મુદ્દા જણાવો.

| | પ્રાકૃતિક પર્યાવરણ | સાંસ્કૃતિક પર્યાવરણ |
|---|---|---|
| 1 | પ્રાકૃતિક પર્યાવરણમાં મહદ્અંશે ભૌગોલિક પરિબળોનો સમાવેશ થાય છે. | સાંસ્કૃતિક પર્યાવરણમાં રહેલાં તત્ત્વો માનવસર્જિત છે. |
| 2 | ભૂમિઆકારો, આબોહવા, જંગલો, ખનીજો, જમીન વગેરે પ્રાકૃતિક પથવિરણનાં પરિબળો છે. | કૃષિ, પશુપાલન, વ્યાપાર, પરિવહન, ઉદ્યોગો વગેરે સાંસ્કૃતિક પયાવરણનાં અંગો છે. |